EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

**વેબ પર નોકરી માટે ફેરતપાસણી**

## ઉનાળાની નોકરીઓ સંબંધી સેવા[Summer Jobs Service]

ઓન્ટારીઓ સરકારના આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને ઉનાળાની નોકરીઓ મેળવવામાં મદદ મળી શકે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને નોકરીઓ શોધવા માટે મફત સહયોગ અને પ્લેસમેન્ટ સેવાઓ આપે છે. એ માલિકોને $2/કલાકની નોકરી આપવા કારણે વળતર પણ આપશે જો વિદ્યાર્થીઓને ઉનાળામાં નોકરી આપવામાં આવી.

### કઈ સેવાઓ ઉપલબ્ધ છે?

ઉનાળાની નોકરીઓ સંબંધી સેવા નીચે મુજબ સેવાઓ આપે છેઃ

- નોકરીઓ શોધવા માટે અને પોતાને માર્કિટ કરવા માટે મફત તાલીમ જેથી વિદ્યાર્થી નોકરી મેળવીને એને જાળવી શકશે;
- વિદ્યાર્થીને નોકરી આપવા બદલ માલિકને $2/કલાકનું વળતર ;
- નોકરીઓ જે 16 અઠવાડિયા સુધી ચાલી શકશે જે એપ્રિલની શરૂઆતથી સપ્ટેમ્બર 30 પર સમાપ્ત થશે.
- વિદ્યાર્થીઓ માટે ઉનાળાની અને પૂરા વર્ષની નોકરીઓની જાહેરાતો.

### કોણ ભાગ લઈ શકે?

**વિદ્યાર્થીઓઃ**

- 15 થી 24 વર્ષના (અક્ષમ વ્યક્તિ માટે 29 વર્ષ સુધી);
- ટાઢની ઋતુમાં સ્કૂલમાં પાછા ફરશે.

**માલિકોઃ**

- ખાનગી, ગૈર લાભકારી અથવા જાહેર ક્ષેત્રના માલિકો જે ઓન્ટારીઓમાં કામ ચલાવતા હોય અને અહીં ઉનાળાની નોકરી આપતા હોય.

**વિદ્યાર્થીઓને ઉનાળાની નોકરી આપવા સંબંધી છૂટ મેળવવાઃ**

- માલિકે વિદ્યાર્થીની જવાબદારી ઉઠાવવી જોઈશે અને કાર્યસ્થળ સુરક્ષા વીમો પણ આપવાનો રહેશે;
- માલિકનો વિદ્યાર્થી સાથે કોઈ પણ સંબંધ નહી હોવો જોઈએ.

### હું ઉનાળાની નોકરી સેવાનો લાભ કઈ રીતે મેળવી શકું?

મોટા ભાગની સંસ્થાઓ જે જોબ કનેકટ પ્રદાન કરે છે તે વિદ્યાર્થીઓને મદદ પણ કરે છે જેથી તેમને ઉનાળાની નોકરી સેવા [Summer Jobs Service (SJS)] દ્વારા નોકરીઓ મેળવવામાં અને માલિકોને ઉનાળામાં કર્મચારી શોધવામાં મદદ કરે છે.

1-800-387-5656
(416) 326-5656 (ટોરોન્ટો)

www.ontario.ca/employmentontario

ISBN 1-4249-2445-6